**<u>ક્રિ.કેસ નંબર–૫૬૮૪/૨૦૧૬ ના કામે આંક ૧ લગતનો હુકમ:–</u>**

૧) આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા, સદર કામ આરોપી પર સમન્સ/વોરંટ બજવાના તબકકે ઘણા સમયથી પેન્ડીંગ છે, ફરિયાદી કે તેમના વિધ્વાન વકીલશ્રી છેલ્લી ઘણી મુદૃતથી હાજર રહેલા નથી. આ કામમા ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી પર સમન્સ /વોરંટ બજાવવા માટેની પ્રોસેસ ફી /સરનામા રજૂ કરવામા આવેલા નથી.

૨) આ કામના ફરિયાદીને હાજર રહેતા નથી મે તે અંગે કોઈ રીપોર્ટ પણ રજુ થતો નથી. આવા સંજોગોમા ફરિયાદ પક્ષે કોર્ટમા હાજર રહીને કાર્યવાહી સક્રિયપણે આગળ ચાલે તેવા કોઈ જ પ્રયાસ કરેલા નથી.

૩) કામ બજવણીના તબ્કકે હોવા માત્રથી ફરિયાદી વર્ષોથી હાજર ના રહે અને કોઈ પણ જાતની સમન્સ /વોરંટ બજાવવાની કાર્યવાહી કરવા માટે આગળ ના આવે તે ઈચ્છનીય નથી, જયારે ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રીને રાખવામા આવેલા હોય ત્યારે ફરિયાદીની ગેરહાજરીમા તેમના વિધ્વાન વકીલશ્રીએ હાજર રહીને કાર્યવાહીનો દોર આગળ ચલાવવા માટેના સક્રિય પ્રયાસો કરવા રહયા, આરોપી પરના સમન્સ/ વોરંટ બજાવવા માટે પ્રોસેસ ફી લગાવીને સરનામા રજૂ કરીને કાર્યવાહી આગળ ધપાવવી રહી. પરંતુ આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા નથી ફરિયાદી હાજર રહેતા કે નથી તેમના વિધ્વાન વકીલશ્રી હાજર રહેતા,આજરોજ પણ પોકાર કરવા છતાય ફરિયાદી કે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર ના હોય, તેવા સંજોગોમા વર્ષોથી ફાઈલ બજવાના તબ્કકે એમ ને એમ પડી રહેલ હોય, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૦૪(૪) અને કલમ ૨૫૬ ને સંયુકત અને પૃથ્થક રીતે વંચાણે લેતા હાલની ફરિયાદ ફરિયાદીની કસૂરના કારણે રદૃ કરવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

–: હુકમ :–

ફરિયાદીની કસૂરના કારણે હાલની ફરિયાદ કલમ ૨૫૬ સી.આર.પી.સી. પ્રમાણે કાઢી નાખવામાં આવે છે.

આજ તા.૯મીં માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ યોજાયેલ સ્પેશિયલ સિટિંગમાં જાહેર કર્યો.

તા:–૦૯/૦૯/૨૦૨૩

વી.કે.બંસલ
૭માં એ.સી.જે.એમ.
અમદાવાદ રૂરલ